13/c

Extra No. 208

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, OCTOBER 28, 2016/KARTIKA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**જાહેરનામું.**

**સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૯મી એપ્રિલ, ૨૦૧૬.**

[illegible]

**ક્રમાંક: જીએસ-૨૦૧૬ (૫)/આઈસીડી-૧૦૨૦૧૧-૪૨૫૬-બી** :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), વર્ગ-૨ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), વર્ગ ૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે પંચાયત સેવામાં, મુખ્ય સેવિકા (સુપરવાઈઝર), વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) સરકારે ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(૪) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે;

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૪ના પ્રમાણમાં કરવામાં આવશે:

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ:

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ગૃહવિજ્ઞાન અથવા સમાજશાસ્ત્ર અથવા બાળ વિકાસ અથવા પોષણ અથવા સમાજ કાર્યમાં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અને સરકારે માન્ય કરેલી મુખ્ય સેવિકા, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો, સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા યુનિવર્સિટી અથવા રજિસ્ટર થયેલા બિન-સરકારી સંગઠનમાં સંકલિત બાળ વિકાસના ક્ષેત્રમાંનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ગૃહવિજ્ઞાન અથવા સમાજશાસ્ત્ર અથવા બાળ વિકાસ અથવા પોષણ અથવા સમાજ કાર્યમાં મેળવેલી અનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

15/c



૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની સામાન્ય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**અંજના ક્રિશ્ચન,**
સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

*RAHB-11-Work-2016\Extra Ord\IV-A\Ex-208-Women Dept.-10-11-2016.doc*

2011C 357/c
21
36/0

# NOTIFICATION

**Women and Child Development Department,**
**Sachivalaya, Gandhinagar.**
**Dated the 19th April, 2016.**

Constitution of India.

**NO- GP-2016(5) / ICD-102011-4256-B:-** In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat here by makes the following rules to provide for regulating the recruitment to the post of Child Development Project Officer (Female), Class II, in the General State Service, under the Commissionerate of Women and Child Development, Gujarat State, namely :-

1. These rules may be called the Child Development Project Officer (Female), Class II, in the General State Service, under the Commissionerate of Women and Child Development, Gujarat State, Recruitment Rules, 2016.

2. Appointment to the post of Child Development Project Officer (Female), Class II, in the General State Service, under the Commissionerate of Women and Child Development, Gujarat State, shall be made, either,-

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons, who,-

(i) have worked for not less than seven years in the cadre of Mukhya Sevika (Supervisor), Class III, in the Panchayat Service,

(ii) have passed the departmental examination prescribed by the Government.

(iii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006, and



Kaypu

(iv) possess bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956:

Provided that where the appointing authority is satisfied that a person having the experience as specified in sub clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period, it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in sub-clause (i) above; or

(b) by direct selection.

3. The appointments by direct selection and promotion shall be made in the ratio of 1:4.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 38 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned;

(b) possess,-

(i) a bachelor's degree in Home Science or Sociology or Child Development or Nutrition or Social Work obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 and have about three years' experience in the field of Integrated Child Development in the Government or Local Bodies or Government Undertaking Board or Corporation or Limited Company established under the Companies Act, 2013 or University or registered Non-Government Organisation on the post which can be considered equivalent to the post not below the rank of Mukhya Sevika, Class III recognised by the Government, or

(ii) a master's degree in Home Science or Sociology or Child Development or Nutrition or Social Work obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants commission Act, 1956,

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6. The candidate appointed by direct selection shall, during her probation period, require to undergo pre-service training and pass the post-training examination in

accordance with the provisions of the Gazetted Officer's Pre-service Training and Examination Rules, 1970.

7. The candidate appointed by direct selection shall, during her probation period, require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

8. The candidate appointed by direct selection shall require to pass the departmental examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed either by direct selection or by promotion shall require to undergo such training and to pass such examination as may be prescribed by the Government.

10. The candidate appointed by direct selection shall require to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

(Anjana Chrtistian)
Deputy Secretary to the Government.

39/c
25

**NO- GP-2016 (5) / ICD-102011-4256-B**
Women and Child Development Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 19th April, 2016

Copy to :
-H.E. the Governor of Gujarat, Rajbhavan.
-The Principal Secretary to Chief Minister, Gandhinagar
- The Personal Secretary to the Minister of State Women and Child Development, Gandhinagar
-The P.S. to Chief Secretary to Government
-Deputy Secretary, General Administration Department
-All Department
-The Member Secretary, Gujarat state commission for Women, Gandhinagar.
-The Member Secretary, Gujarat State Human Right Commission
-The commissioner, Women and Child Development,Gujarat state, Gandhinagar
-All Collectors/ All District Development, Gujarat State, Gandhinagar
--All Programme Officer
-The Accountant General, Ahmedabad/Rajkot
-The Director, ICDS, Gandhinagar
-The Corporation & Boards under Women and Child Development Department
-The Manager, Government Central Press, Gandhinagar with a request to publice this notification in the Gujarat Government Extra ordinary Gazette and send 50 copies to this deptt.
-The Dy.S.O. select file
-The Branch select file

(*P. G. Patadia*)
Section Officer
Women and Child Development Department